મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

G T NEWS ગરવી તાકાત LIVE

૨૬-૦૧-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૯૫
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

## જિલ્લા કક્ષાના ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને યોજાશે

# મહેસાણાના પાંચોટ ખાતે જિલ્લાકક્ષાના ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીની તમામ તૈયારીઓને આખરી ઓપ અપાયો





નિવાસી અધિક કલેક્ટર જે.કે. જેગોડાની ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમનું રિહર્સલ યોજાયું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

મહેસાણા જિલ્લા કક્ષાના ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને જિલ્લા રમત ગમત સંકુલ, પાંચોટ, મહેસાણા ખાતે સવારે ૦૯:૦૦ કલાકે યોજાનાર છે. જે અંતર્ગત આજરોજ નિવાસી અધિક કલેકટરશ્રી જે.કે. જેગોડાની ઉપસ્થિતિમાં રમત ગમત સંકુલ ખાતે સમગ્ર કાર્યક્રમનું રિહર્સલ યોજાયું હતું. જેમાં જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીશ્રીઓ અને પોલીસ દળના જવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ રિહર્સલમાં સ્ટેજ બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ, સાઉન્ડ સહિતની વ્યવસ્થાઓનું નિવાસી અધિક કલેકટરશ્રીએ ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. તેમજ સ્થળ પર જ સંલગ્ન અધિકારીશ્રીઓને જરૂરી માર્ગદર્શન આપી વિવિધ સૂચનો કર્યા હતા. આ રિહર્સલમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી તરુણ દુગ્ગલ મહેસાણા પ્રાંત અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સહિત વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં ઉત્તમ કામગીરી કરવા બદલ

# મહેસાણા કલેક્ટર એમ નાગરાજનને રાજ્યપાલના હસ્તે રાજ્યના શ્રેષ્ઠ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકેનો એવોર્ડ એનાયત કરાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

લોકશાહી પ્રક્રિયામાં યુવા મતદારોની સહભાગિતા વધે તે સારૂ ભારતના ચૂંટણી પંચના સ્થાપના દિન ૨૫ જાન્યુઆરી, ૧૯૫૦ના દિનને સને ૨૦૧૧થી રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ગુજરાત નેશનલ લો યુનિવર્સીટી, ગાંધીનગર ખાતે માન. રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને ઉજવણી કરવામાં આવી હતી. જેમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં ઉત્તમ કામગીરી કરવા બદલ મહેસાણા કલેકટરશ્રી એમ નાગરાજનને રાજયપાલશ્રીના હસ્તે રાજયના શ્રેષ્ઠ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકેનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ તકે જિલ્લા કલેકટરશ્રી એમ નાગરાજને ચૂંટણી કામગીરીમાં સંકળાયેલ તમામ અધિકારી/ કર્મચારીશ્રીઓની કામગીરીને બિરદાવીને આ એવોર્ડ તેમને સમર્પિત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ પહેલાં યોજાયેલ ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ તા.૦૫-૧૧-૨૩ થી તા.૯-૧૨-૨૦૨૩ સુધી યોજાયો હતો. આ સુધારણા કાર્યક્રમમાં નવતર પહેલ તરીકે ‘‘મત આપશે મહેસાણા’’ કેમ્પેઈન શરૂ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સ્થાનિક બોલીમાં માહિતીસભર વિડીયોને સોશિયલ મિડીયા પર પ્રસારિત કરવામાં આવ્યા હતા. કલેકટરશ્રી દ્વારા પ્રેરીત આ કેમ્પેઈનને યુવાઓ તરફથી ભારે પ્રતિસાદ મળ્યો હતો.

આ ઉપરાંત સઘન હાઉસ ટુ હાઉસ મુલાકાતને લીધે જિલ્લાના તમામ ૧૮૦૨ મતદાનમથકો પૈકી એકપણ બૂથ એવું નહોતું જ્યાંથી શૂન્ય ફોર્મ મળેલ હોય. આ દરમ્યાન કુલ ફોર્મ-૬, ૩૨૩૩૬ પ્રાપ્ત થયા હતા, જેમાંથી ૨૨૭૮૭ ફોર્મ ૧૮-૧૯ વય





જૂથમાં પ્રાપ્ત થયા અને ૨૦-૨૯ વય જૂથમાં ૧૨૮૧૭ ફોર્મ પ્રાપ્ત થયા હતા. મહત્તમ મહિલા મતદારોની નોંધણી પર વધુ ભાર આપવાને કારણે આ સુધારણા કાર્યક્રમ દરમિયાન નવા ઉમેરાયેલા પુરૂષ મતદારોની સંખ્યા (૧૫૯૪૬) કરતાં મહિલા મતદારોની સંખ્યા (૧૮૪૯૩) વધુ જિલ્લા કલેકટરશ્રીના ખાસ પ્રયત્નોને લીધે ઝજીઈ થકી મહેસાણા જિલ્લાએ જિલ્લાના તમામ ૧૮૦૫ મતદાનમથકો પર કાયમી ધોરણે વ્હીલચેર ઉપલબ્ધ કરાવનાર રાજયનો સૌપ્રથમ જિલ્લો બનવાની ઉપલબ્ધિ હાંસલ કરી હતી. દિવ્યાંગ મતદારોમાં મતદાનજાગૃતિ ફેલાવવા સારૂ રાજયમાં સૌપ્રથમવાર દિવ્યાંગજન વ્હીલચેર રેલી યોજવામાં આવી હતી. જેમાં સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ હાજર રહી જિલ્લાના તમામ ૧૮૦૫ મતદાનમથકો પર કાયમી ધોરણે વ્હીલચેર ઉપલબ્ધ કરાવવાની કામગીરીને બિરદાવી હતી.

નોંધનીય છે કે, મતદાન જાગૃતિ અર્થે રેપર સ્ટાઈલમાં બનાવેલ ‘‘આવો, આવો, આવો, મેહોણાવાળા આવો’’ ગીતની ધુન પર જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નિવાસી અધિક કલેકટરશ્રી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તથા અન્ય અધિકારી તથા કર્મચારીઓએ જાહેરમાર્ગ પર ડાન્સ કરી મતદારોને અચૂક મતદાન કરવા અપીલ કરી હતી, જે ગીત સોશિયલ મિડીયા પર છવાઈ ગયું હતું. જે યુટયુબ પર https://www.youtube.com/watch?v=VermH246O74 ઉપલબ્ધ છે.

જિલ્લામાં કુલ ૧૬૦૦૦ કરતાં વધુ મતદાન જાગૃતિની પ્રવૃતિઓ યોજાઈ હતી. જે પૈકી વડનગર ખાતે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત એકેડમીની ગર્લ્સ સીનીયર ટીમ તથા એસ.એમ. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, મહેસાણાની બોયઝ ટીમ વચ્ચે રમાયેલ ફૂટબોલ મેચ, પોલીસ પરેડ ગ્રાઉન્ડ, મહેસાણા ખાતેથી યોજાયેલ સાઈકલ રેલી તથા મતદાનના આગલા દિવસે યોજાયેલ રન ફોર વોટ ખૂબ જ નોંધપાત્ર રહી હતી..આવી કામગીરીને ધ્યાને લઈ ઉત્તમ કામગીરી કરવા બદલ મહેસાણા કલેકટરશ્રી એમ નાગરાજનને રાજયપાલશ્રીના હસ્તે રાજયના શ્રેષ્ઠ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકેનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

અત્રે નોંધનીય છે કે , અગાઉ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૨માં ૦૮-થરાદ વિધાનસભા ચૂંટણીમાં ટેકનોલોજીના ઉપયોગની ઉત્તમ કામગીરીને ધ્યાને લઈ તેઓને રાજયકક્ષાએ શ્રેષ્ઠ ચૂંટણી અધિકારી તરીકેનો એવોર્ડ એનાયત થયો હતો.

## ૨૫૪ સ્પર્ધકોએ પોતાની ડિઝાઈન સબમિટ કરી

# મહેસાણા મહાનગરપાલીકા માટે લોગો ડિઝાઈન કરવા માટે ઉત્સાહજનક ‘પ્રતિસાદ’ સાંપડ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

મહેસાણા નગરપાલિકાના મહાનગરપાલિકામાં થયેલા રૂપાંતરણ બાદ તંત્ર દ્વારા એક નવતર પહેલ કરવામાં આવી છે. મહાનગરપાલિકા માટે લોગો ડિઝાઈન કરવા માટે એક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશભરમાંથી નાગરિકો ભાગ લઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

સ્પર્ધા માટે ૭થી ૧૭ જાન્યુઆરી સુધીનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો હતો. સ્પર્ધકો ઊઈ કોડ સ્કેન કરીને પોતાની સર્જનાત્મક લોગો ડિઝાઈન સબમિટ કરી શકતા હતા. આ પહેલને ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો અને કુલ ૨૫૪ સ્પર્ધકોએ પોતાની ડિઝાઈન સબમિટ કરી છે.

મહાનગરપાલિકાના અધિકારીઓ હવે નિર્ણાયક તરીકે આ તમામ ડિઝાઈનની ચકાસણી કરશે અને શ્રેષ્ઠ ડિઝાઈન પસંદ કરશે. વિજેતા સ્પર્ધકને રૂ.૨૧,૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવશે. પસંદ કરાયેલી ડિઝાઈન મહેસાણા મહાનગરપાલિકાના આધિકારિક લોગો તરીકે ઉપયોગમાં લેવામાં આવશે. આગામી સમયમાં વિજેતા લોગોની જાહેરાત કરવામાં આવશે.






# શિક્ષણના હાલ

શિક્ષણનાં વાર્ષિક સ્થિતિ રિપોર્ટ (એએસઈઆર ૨૦૨૨)થી મળેલ આંકડા રાહત અને પડકાર, બંનેનો અહેસાસ કરાવે છે. રાહતની વાત એ છે કે ભારતમાં કોરોના પ્રકોપ બાદ શિક્ષણનો વિકાસ અને વિસ્તાર ફરીથી શરૂ થઈ ગયો છે. જોકે ચાર વર્ષબાદ રાષ્ટ્રીય સ્તર પર થયેલ આ વ્યાપક સર્વેક્ષણથી એક મોટો પડકાર પણ સામે આવ્યો છે કે રાષ્ટ્રીય સ્તર પર બાળકોની ભણવાની બુનિયાદી ક્ષમતા ૨૦૧૨ પહેલાંના સ્તર સુધી ઘટી ગઈ છે. છેલ્લા કેટલાક વર્ષમાં તેમાં સુધાર દેખાવા લાગ્યો હતો, પરંતુ લાગે છે કે મહામારીએ તેની અસર દેખાડી છે. દેશના મોટાભાગના રાજ્યોમાં સરકારી અને ખાનગી, બંને પ્રકારની સ્કૂલોમાં છોકરાઓ સાથે છોકરીઓની પણ ભણવાની ક્ષમતા ઘટી છે. સરકારી અને ખાનગી સ્કૂલોમાં ત્રીજા ધોરણના માત્ર ૨૦.૫ ટકા છાત્રો જ વાંચી શકે છે, જ્યારે ૨૦૧૮માં તે આંકડો ૨૭.૩ હતો. ઉત્તર ભારતના રાજ્યોમાં જ નહીં, દિક્ષણના અપેક્ષાકૃત વિકસિત રાજ્યોમાં પણ ઘટાડો ચિંતા જગાવે છે. પાંચમા ધોરણની વાત કરીએ તો ૨૦૧૮માં ૫૦.૫ ટકા છાત્રો વાંચવામાં સક્ષમ હતા, પણ ૨૦૨૨માં સક્ષમ છાત્ર ૪૨.૮ ટકા થઈ ગયા છે. ૨૦૧૮ની તુલનામાં બાળકોના બુનિયાદી અંકગણિતીય સ્તરમાં પણ ઘટાડો થયો છે. ત્રીજા ધોરણના છાત્રો મામલે ૨૦૧૮માં ૨૮.૨ ટકાની તુલનામાં રાષ્ટ્રીય સ્તર પર અનુપાત હવે ૨૫.૯ ટકા થઈ ગયો છે. અહીં પણ લગભગ સ્કૂલ સ્તરે ગણિતીય ક્ષમતા જાળવી રાખવા માટે સ્કૂલોમાં વિશેષ અભિયાન ચલાવવાની જરૂર છે.શિક્ષકોના સ્તરને સુધારવું અને મેથ્સ કે અંકગણિતને વધુ વ્યાવહારિક બનાવવું જરૂરી છે. જોકે શિક્ષણવિદો પહેલેથી એ માનીને ચાલતા હતા કે લોકડાઉન અને ઓનલાઈન ક્લાસને કારણે છાત્રોની ભણવા-લખવાની ક્ષમતામાં ઘટાડો થશે. શિક્ષણ પર વાર્ષિક રિપોર્ટથી એ પણ ખબર પડે છે કે છેલ્લા કેટલાંક વર્ષોમાં સરકારી સ્કૂલોમાં છાત્રોના નામાંકનમાં ઘણો વધારો થયો છે. સર્વેક્ષણમાં સામેલ ૭૨.૯ ટકા છાત્ર સરકારી સ્કૂલોમાં જાય છે. દેશમાં ખાનગી ટ્યૂશન લેનારની સંખ્યા પણ વધી છે, મતલબ વધુ માર્ક્સ લાવવાની હોડ વધી છે. સાથે જ એ પણ જોવું જોઈએ કે શું સ્કૂલોમાં પૂરતું કે સંતોષજનક શિક્ષણ થાય છે? ટ્યૂશન લેનાર છાત્રોની સંખ્ય ગત ચાર વર્ષમાં ૨૬.૪ ટકાથી વધીને ૩૦.૫ ટકા થઈ ગઈ છે. એમાં બેમત નહીં કે આ રિપોર્ટથી તમામ શિક્ષણ સંસ્થાઓને મદદ મળે છે. આવાં સર્વેક્ષણ સ્કૂલો કે કમ સે કમ તમામ મોટી સ્કૂલો પોતાના સ્તરે પણ કરાવવાં જોઈએ, જેથી છાત્રોની ઉણપો સમય રહેતાં દૂર કરી શકાય. ખાનગી સ્કૂલોની સંખ્યા ભલે વધી રહી હોય, પરંતુ સરકારી સ્કૂલોમાં નામાંકન વધી રહ્યું છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ગુજરાતમાં બે વર્ષમાં ઉત્સવો - પર્યટન સ્થળે ૩૫.૮૯ કરોડ પ્રવાસી ઉમટ્યા

# વાઇબ્રન્ટ નવરાત્રી ફેવરીટ : રણોત્સવ, પતંગ મહોત્સવ, સાપુતારા મેઘ મલ્હાર, તરણેતરના મેળાનું મોટું આકર્ષણ

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં વાયબ્રન્ટ નવરાત્રી, ધોરડો રણોત્સવ, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, સાપુતારા મેઘ મલ્હાર, તરણેત્તર મેળો, માધવપુર મેળો, કાંકરિયા કાર્નિવલ જેવા અનેક ઉત્સવો તેમજ સોમનાથ, દ્વારકા, અંબાજી, સૂર્યમંદિર મોઢેરા, રાણીની વાવ, હેરીટેજ સિટી અમદાવાદ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર બીચ સહિત વિવિધ પ્રવાસન સ્થળો દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વર્ષ ૨૦૨૩માં ૧૭.૨૬ કરોડથી વધુ તેમજ વર્ષ ૨૦૨૪માં ૧૮.૬૨ કરોડ એમ છેલ્લા બે વર્ષમાં વિવિધ પર્યટન સ્થળો અને ઉત્સવોમાં અંદાજે ૩૫.૮૯ કરોડથી વધુ પ્રવાસીઓ સહભાગી થયા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસની સાથે ઉત્સવોને વિશેષ પ્રાધાન્ય આપી રહી છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં મુખ્યત્વે સૌથી વધુ વાઈબ્રેન્ટ નવરાત્રી મહોત્સવમાં ૨૩.૧૨ લાખ જેટલા પર્યટકો નોંધાયા છે.

જ્યારે કચ્છમાં યોજાતા ધોરડો રણોત્સવમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૭.૪૨ લાખ અને વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીમાં ૭.૫૨ લાખ એમ કુલ મળીને ૧૪.૯૪ લાખ જેટલા પર્યટકો નોંધાયા છે.



આ ઉપરાંત, છેલ્લા બે વર્ષમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ૯.૨૯ લાખ, સાપુતારા મેઘ મલ્હાર ફેસ્ટીવલમાં ૦૫ લાખ જેટલા તેમજ તરણેત્તર મેળામાં ૦૪ લાખથી વધુ પ્રવાસીઓ- નાગરિકોએ મુલાકાત લીધી છે.

કચ્છ રણોત્સવ

તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં ફક્ત ત્રણ દિવસના આયોજન સાથે કચ્છના રણમાં ધોરડો ખાતે 'રણોત્સવ'ની શરૂઆત કરાવી હતી જે આજે ગ્લોબલ ઈવેન્ટ બની ગઈ છે. એક સમયે જે રણની ઓળખ ઉજ્જડ જમીન તરીકેની હતી, તે સ્થળે આજે રણોત્સવ ઉજવાય છે.

વડાપ્રધાનના વિઝનથી આજે કચ્છનું રણ વિશ્વ પ્રવાસનનું તોરણ બન્યું છે. યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા ધોરડોને બેસ્ટ ટુરિઝમ વિલેજનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે.

આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ

'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'ના આયોજન થકી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળો પ્રમોટ થાય છે, જેના થકી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. દેશ વિદેશમાંથી ગુજરાત આવતા પતંગબાજો અને તેમની અવનવા આકારોવાળી રંગબેરંગી પતંગો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું મુખ્ય આકર્ષણ હોય છે.

આ વર્ષે આયોજિત પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજયોમાંથી ૪૭ જેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો. જ્યારે ગુજરાતના ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો એમ કુલ ૬૦૭ જેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો.

વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ

વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રી ઉત્સવ ૧૦ દિવસનો ઉત્સવ છે છેલ્લા બે વર્ષમાં ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં અંદાજે ૨૩.૧૨ લાખથી વધુ ખેલૈયાઓ સહભાગી થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં દર વર્ષે ૨૫મી જાન્યુઆરીને 'રાષ્ટ્રીય પર્યટન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે, જે ભારતના વૈવિધ્યસભર પર્યટન સ્થળો અને તેની ધરોહરના જતન માટે નાગરિકોને જાગૃત કરવાનો એક અનોખો પ્રયાસ છે.

દેશભરમાં વર્ષ ૨૦૨૫માં રાષ્ટ્રીય પર્યટન દિવસ ×ટુરિઝમ ફોર ઈક્લુસિવ ગ્રોથ'' થીમ ઉપર ઉજવાશે તેમ, પ્રવાસન નિગમની યાદીમાં જણાવાયું છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજે કોઈ સ્વજનની વાતથી દિલ દુખાશે અને મનોમન ઘણી તકલીફ થવાની છે. કામને લઈને મન ઘણુ ખિન્ન રહેવાનુ છે.

**વૃષભ:** વૃષભ ઘરમાં ઉત્સવ જેવો માહોલ રહેશે, તમે પોતાની સફળતા પર ઘણા ખુશ રહેશો તો મહેમાનોના આવવાથી ઘરમાં કામ પણ વધુ રહેશે.

**મિથુન:** કોઈની કહેલી વાતની દિલ દિમાગ પર અસર રહેશે, મનોમન તમે કોઈને પસંદ પણ કરવા લાગશો. કામ પર ફોકસ કરો, સફળતા જરૂર મળશે.

**કર્ક** કામને લઈને આજે સહયોગીઓ સાથે ઝડપ થઈ શકે છે માટે વાણી પર કંટ્રોલ રાખો અને સકારાત્મક રહેવાની કોશિશ કરો.

**સિંહ** કોઈની વાત તમને દુઃખી-પરેશાન કરી શકે છે માટે લોકોની વાતોને ઈગ્નોર કરવાનુ શીખો કારણકે લોકોની કડવી વાતો માત્ર દુઃખ જ આપે છે.

**કન્યા** તમારા ઘરે આજે કોઈ નવુ મહેમાન આવી શકે છે. અપરિણીતોના લગ્નની વાત થઈ શકે છે. વળી, ઘરની સજાવટ માટે તમે અમુક શોપિંગ કરી શકો છો.

**તુલા** કામ અને ઘરના લોકોને લઈને તમે ખિન્ન રહી શકો છો. મન ઘણુ દુઃખી રહેશે અને માટે તમે નિરાશ અને હતાશ પણ રહેવાના છો.

**વૃશ્ચિક** આજે બાળકો સાથે સમય પસાર કરશો, કોઈ પણ વસ્તુને લઈને તમે પ્લાનિંગ પણ કરી શકો છો. તહેવારની સિઝન છે માટે પરિવાર પર ખર્ચો પણ કરી શકો છો.

**ધન** આજે પ્રેમી-પ્રેમિકાઓનો દિવસ છે. આજે પ્રેમથી દિવસ પસાર કરો અને ખુશ રહેવાનો પ્રયત્ન કરો. સારી બિઝનેસ ડીલ થઈ શકે છે.

**મકર** આજે તમે ખુદને સમય આપો, તમારા આરામની જરૂર છે. પતિ-પત્ની પણ સાથે સમય પસાર કરે આનાથી બંનેને ખુશી મળશે.

**કુંભ** ઘરમાં કામ કરાવી શકો છો. સજાવટની વસ્તુઓ પર આજે પૈસા ખર્ચ થવાના છે. બહાર જવાનુ પણ પ્લાનિંગ તમે કરી શકો છો.

**મીન** તબિયત પર મોસમની અસર જોવા મળી શકે છે. પોતાનુ ધ્યાન રાખો. આજે જૂના દોસ્ત સાથે મુલાકાત થશે જેનાથી દિલ ખુશ થશે.

# આજે દેશભરમાં છોતેરમા પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહ ઉમંગભેર કરવામાં આવશે

આજે દેશભરમાં છોતેરમા પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહ ઉમંગભેર કરવામાં આવશે.ત્યારે સ્વતંત્રતા અને પ્રજાસતાક દિન વચ્ચે શું થયું અને આજે પ્રજાસતાક ગણતંત્ર દિન જે ઉજવી રહયા છીએ તે વિશે જોઈએ.

પ્રથમ પ્રજાસત્તાક દિને વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ અને ગવર્નર જનરલ સી રાજગોપાલા ચારી ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સુકર્ણોને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા.



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

૧૫ ઓગસ્ટ,૧૯૪૭નાં રોજ સ્વતંત્ર થયું, પરંતુ તેમને તેમનું કાયમી બંધારણ હતું નહીં; તેને બદલે સુધારેલા વસાહતી કાયદા, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૫ પર આધારીત, નો અમલ થતો અને દેશ રાજાપંચમ જ્યોર્જ નાં બ્રિટિશ આધિપત્યતળે ગણાતો અને દેશનાં વડા એવા સર્વોચ્ચ પદ'ગવર્નર જનરલ ના પદ પર લોર્ડ માઉન્ટબેટન કારભાર સંભાળતા હતા.૨૯ ઓગસ્ટ, ૧૯૪૭નાં રોજ કાયમી બંધારણ ની રચના માટે ડો.આંબેડકરનાં વડપણ હેઠળ એક મુસદા સમિતિ નું ગઠન કરવામાં આવ્યું. સમિતિ દ્વારા બંધારણનો મુસદો તૈયાર કરી અને ૪ નવેમ્બર,૧૯૪૭ નાં રોજ બંધારણ સભા સમક્ષ રજુ કરવામાં આવ્યો. બંધારણનો સ્વિકાર કરતાં પહેલાં બંધારણ સભાનું ૧૬૬ દિવસનું જાહેર સત્ર મળ્યું,જે ૨ વર્ષ,૧૧ માસ અને૧૮ દિવસ ચાલ્યું. કેટલાયે વિચાર વિમર્શ અને સુધારાઓ પછી૩૦૮ સભ્યની આ બંધારણ સભાએ ૨૪ જાન્યુઆરી,૧૯૫૦ નાં રોજ આ દસ્તાવેજોની હિન્દી અને અંગ્રેજી માં હસ્તલિખીત બે નકલો પર હસ્તાક્ષરો કર્યા. બે દિવસ પછી, ભારતનું બંધારણ ભારત ભૂમિ માટે કાયદાનું સ્વરૂપ પામ્યું.

ભારતનું બંધારણ ૨૬જાન્યુઆરી ૧૯૫૦થી અમલમાં આવ્યું. અને રાજેન્દ્ર પ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચુંટાયા. ખરેખર, આ એક વિચારણીય પગલું હતું, ૨૬ જાન્યુઆરીનાં બંધારણ પર હસ્તાક્ષર કરી અને સ્વતંત્ર્યતા સેનાનીઓ,કે જેઓ ૨૬ જાન્યુ આરીને ભારતનાં સ્વતંત્રતા દિવસ તરીકે ઈચ્છતા હતા, તેમના પ્રત્યે સન્માન દર્શાવવામાં આવ્યું. ૩૧ ડીસેમ્બર ૧૯૨૯ના રોજ જવાહરલાલ પંડિતના અધ્યક્ષ સ્થાને લાહોર ખાતે કોંગ્રેસની રાષ્ટ્રીય મહાસભા મળી હતી. જેમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ અથવા ભારતના સ્વાતંત્ર્યની ઘોષણા કરવામાં આવી હતી. જવાહરલાલ નેહરુ એ રાવી નદીના કિનારે ધ્વજ ફરકાવ્યો હતો અને ભારતના લોકોને ૨૬ જાન્યુઆરીના દિવસે ×સ્વાતંત્ર્ય દિવસ× તરીકે ઉજવવા ભલામણ કરી હતી.ભારતના ધ્વજ રાષ્ટ્રીય મહાસભાના સ્વયંસેવકો, રાષ્ટ્ર વાદીઓ અને નાગરિકો દ્વારા ફરકાવવામાં આવ્યો હતો. ૨૬ જાન્યુઆરી ૧૯૩૦ના રોજ ભારતના સ્વાતંત્ર્યની ઘોષણા કરવા અંગે અંગ્રેજ સરકારને જણાવવામાં આવેલું પરંતુ અંગ્રેજ સરકારે કોઈ પ્રતિભાવ આપેલો નહિ.

૧૯૩૦ પહેલાં જ અમુક ભારતીય રાજનૈતિક પક્ષોએ ખુલેઆમ યુનાયટેડ કિંગડમથી સ્વતંત્રતા મેળવવાની ધ્યેયની ઘોષણા કરી હતી. અખિલ ભારતીય હોમરુલ લિગ ભારત માટે બ્રિટિશ કોમન વેલ્થ હેઠળ ઓસ્ટ્રેલિયા, કેનેડા, આઈરીશ ફ્રી સ્ટેટ,ન્યુ ફાઉન્ડલેન્ડ, ન્યૂઝી લેન્ડ અને સાઉથ આફ્રીકા જેવા દેશોને અપાયેલ સ્વાયત્તતા જેવા હોમ રુલ (સ્વ શાસન)ની માંગણી કરતું હતું. અખિલ ભરતીય મુસ્લિમ લિગ એ પણ યુનાયટેડ કિંગડમના આધિપત્ય સ્થિતીનું સમર્થન કર્યું હતું પણ ભારતીય સ્વતંત્રતાનો વિરોધ કર્યો હતો. ઈંડિયન લિબરલ પાર્ટી નામની સંસ્થા અંગ્રેજ સમર્થક હતી, બ્રિટિશ




રાજ સાથે સંબંધો નબળા પડે તેવી સ્વતંત્રતા કે સ્વાયત રાજ્ય જેવી કોઈ પણ માંગણી ઓને તેણે વિરોધ કર્યો હતો. ભારતીય રાષ્ટ્રીય મહાસભા આ વાદ-વિવાદમાં સૌથી મોખરે હતી. વયસ્ક મહાસભા((કોંગ્રેસ)નાનેતા જેમ કે લોકમાન્ય ટિળક, અરબિંદો, અને બિપિનચંદ્ર પાલ વગેરે એ બ્રિટેશ હકૂમતથી મુક્ત એવી સ્વતંત્રતાની માંગણી કરી હતી.

૧૯૧૯ના જલિયાવાલા બાગ હત્યાકાંડ પછી લોકોમાં અંગ્રેજો વિરુદ્ધ પ્રખર અસંતોષ જાગી ઉઠ્યો. યુરોપીય લોકો, નાગરિકો અને અધિકારીઓ સમગ્ર ભારત માં ફેલાઈ ગયેલા હિંસાચારનો ભોગ બન્યાં હતાં. ૧૯૨૦માં ગાંધીજી અને કોંગ્રેસે પોતાને સ્વરાજ સમર્પિત ઘોષિત કર્યા. તેમણે આને ભારતનું રાજનૈતિક અને સને આધ્યાત્મીક સ્વતંત્રતા ગણાવી.તે સમયે ગાંધીજીએ સ્વરાજને ભારતીય લોકોનો જન્મ સિદ્ધ અધિકાર ગણાવ્યો હતો. તેમણે તે સમયે જણાવ્યું હતું કે ભારત સંપૂર્ણ સ્વતંત્રતા પસંદ કરશે કે બ્રિટિશ સામ્રાજ્યનો ભાગ બની રહેશે તેનો આધાર અંગ્રેજ સરકારના વર્તન પર રહેલો છે. ૧૯૨૦ અને ૧૯૨૨ વચ્ચે ગાંધીજીએ અસહકારની ચળવળનું નેતૃઅત્વ કર્યું હતું. રોલેટ એક્ટ અને ભારતીયોને પોતાના દેશની સરકાર રચવા અને ચલાવવા દેવાના રાજનિતિક અને નાગરિક હક્કો પરના પ્રતિબંધ વિરુદ્ધ તેમણે આ ચળવળ કરી હતી.

ભારતનાં બંધારણનાં અભ્યાસુ એવા ગ્રેનવિલ ઑસ્ટિનનાં મતાનુસાર, ડો.આંબેડકર દ્વારા તૈયાર થયેલ ભારતનાં બંધારણનો મુસદો ×પ્રથમ અને સર્વપ્રથમ સામાજીક દસ્તાવેજ× છે... ×મોટા ભાગની બંધારણની જોગવાઈ ઓ,કાં તો સીધા સામાજીક ક્રાંતિ નાં ઉદ્દેશને આગળ ધપાવવા માટે અથવા આ ક્રાંતિનો ઉદ્દેશ બર લાવવા માટે જરૂરી પરિસ્થિતિ ઓનું નિર્માણ કરવા માટે કરાયેલ છે.×

આ સંશોધન તંત્રને રજુ કરવાનાં સમયેજ બિરદાવતા ડો.આંબેડકરે જણાવ્યું કે:×આથી અમે ખાત્રી પૂર્વક કહી શકીયે છીએ કે, ભારતીય મહાસંઘ કઠોરતા કે વિધિ પરાયણતાનાં દોષથી ગ્રસિત થશે નહીં. તેની વિશિષ્ટ વિશેષતા એછેકે આ એક લચકદાર સંઘ છે

"સંસદ સાથે કાર્યાન્વીત ત્રિસ્તરીય પદ્ધતિએ ધારણાઓથી વિરુદ્ધ, રાજ્યોના હિતોનું ધ્યાન રાખવા સાથે બંધારણને વધુ લચીલું બનાવ્યું છે. બંધારણ આધારિત બ્રિટિશ સંસદીય પદ્ધતિ અને રાજ્ય પદ્ધતિના સમન્વયે બીજા અન્ય કોઈપણ દેશમાં સુધારીત આવૃત્તિ કરતાં અહીં સારી રીતે સફળ રહી છે."ગ્રેનવીલે ઑસ્ટીન ૧૯૬૬,

ઉપરોક્ત રાજ્ય પધ્ધતિ સાથે સહમત થઈ યુનાઈટેડ કિંગ્ડમના તત્કાલીન પ્રધાનમંત્રી(એપ્રીલ ૧૯૫૫ થી જાન્યુઆરી ૧૯૫૭) સર એંથોની એડને પોતાના વિચારો વ્યક્ત કરતા કહ્યુકે ×અત્યાર સુધીની તમામ રાજ્ય પધ્ધતિઓમાં કરવામાં આવેલ તમામ પ્રયોગોને ધ્યાને લેતા હુ માનુ છુ કે ભારતની સંસદીય લોકશાહીનું સ્વરુપ સૌથી નિરાળુ છે. એક વિશાળ ઉપખંડ દશ હજાર વર્ષ ઉપરાંતની પધ્ધતિને મુક્ત લોકશાહીમાં ફેરવી રહ્યો છે. આ એક હિમ્મતપૂર્વકનો નિર્ણયછે આ કોઈ આપણી નકલ નથી પરંતુ વિશાળ હદયની તથા મુક્ત વિચારસરણીનો ઉત્તમ નમૂનો છે જે આપણા સ્વપ્નાઓમાં પણ આવી નથી. જો આ સફળ થાય છે તો સમગ્ર એશીયા માટે અસિમિત ફાયદો થશે. આ પ્રયોગનુ પરિણામ ગમે તે આવે આપણે સૌએ આ પ્રયોગ કરનાર તમામને બિરદાવવા જોઈએ.×

અમેરિકન બંધારણીય સત્તાધારી ગ્રાનવિલે ઑસ્ટિન દ્વારા વ્યક્ત કરવામાં આવેલ અભિપ્રાય વધુ અર્થપૂર્ણ હતો, જેમણે લખ્યું હતું કે ભારતીય સંસદ વિધાનસભાની શરૂઆત શું થઈ હતી તે ૧૭૮૭ માં ફિલાડેલ્ફિયામાં ઉત્પન્ન થયું ત્યારથી 'કદાચ સૌથી મહાન રાજકીય સાહસ હતું.'

×તાજેતરના વર્ષોમાં, કેટલાક નાગરિકોમાં તે સ્થાપકો અને તેમના દસ્તાવેજોને અવગણવા માટે ફેશનેબલ બની ગયું છે. આ લોકોએ ૧૯૫૦થી દેશના વિકાસ દ્વારા નિરાશ થયા છે, તેઓએ બંધારણને બદલવાની વિનંતી કરી છે કે તે 'કામ કર્યું નથી'.આવી વિચારસરણી, મારા મત મુજબ, ગેરમાર્ગે દોરેલા છે. બંધારણો 'કામ' કરતા નથી, તેઓ નિષ્ક્રિય છે, નાગરિકો દ્વારા 'કામ' કરવામાં આવે છે અને ચૂંટાયેલા નેતાઓ નિયુક્ત કરવામાં આવે છે.×- ગ્રેન વિલે ઓસ્ટિન.

આ દિવસનું મહત્ત્વ સિદ્ધ કરવાના ઉદ્દેશ્યથી દર વર્ષે નવી દીલ્હીમાં એક મહા સરઘસ પરેડનું આયોજન કરવામાં આવે છે. તેની શરૂઆત રાષ્ટ્રપતિ ભવન નજીક આવેલ રૈસિના ટેકરીથી થાય છે. રાજપથ? ઈંડીયા ગેટ થઈ તે ઐતિહાસિક લાલ કિલ્લા સુધી પહોંચે છે. પાયદળ? વાયુસેના અને નૌસેનાની વિવિધ ટુકડીઓ તેમના સત્તાવાર ગણ વેશમાં કવાયત કરતાં ચાલે છે. ભારતના રાષ્ટ્રપતિ જે ત્રણેય સેનાના પ્રમુખ છે, તેઓ સલામી ઝીલે છે. આ પરેડમાં ભારતના જુદાજુદા પ્રદેશની ઝાંખીઓને ફ્લોટ્સ (ખટારા અને ટ્રેલર પર બનાવેલ ધીમેથી સરકરતો મંચ) પર બતાવવામાં આવે છે.આ પરેડનું જીવંત પ્રસારણ દૂરદર્શન અને આકાશવાણી પરથી કરવા માં આવે છે.રાષ્ટ્રીય બહાદૂરીચંદ્રક મેળવનાર બાળકો પણ આ સરઘસનો એક ભાગ હોય છે.. પ્રાય તેમને હાથી પર અંબાડીમાં બેસાડવામાં આવે છે. જુદા જુદા પ્રદેશની સાંસ્કૃતિક ઓળખ આપતી ઝલક સિવાય અન્ય દેખાવ પણ બતાવાય છે. અંતમાં ભારતીય વાયુસેનાના શક્તિ પ્રદર્શનથી આ સરઘસ પૂર્ણ થાય છે.રાજ્યની રાજધાનીઓમાં પણ ઉજવણી કરવામાં આવેછે,જેમાંરાજ્યપાલ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવે છે.જો રાજ્યપાલ અસ્વસ્થ હોય કે કોઈ કારણસર હાજર ના હોય તો રાજ્યના મુખ્યમંત્રીને ધ્વજ ફરકાવવાનું માન મળે છે.૨૬ જાન્યુઆરી ૧૯૫૦એ ભારત દેશના ઈતિહાસ માં ઘણો અગત્યનો દિવસ છે. આ દિવસે ભારત દેશનું બંધારણ અમલંમા આવ્યું હતું અને ભારત ખરા અર્થ માં સ્વતન્ત્ર રાષ્ટ્ર બન્યું હતું. આ દિવસે ભારત સંપૂર્ણ લોકતંત્ર બન્યુ. દેશે મહાત્મા ગાંધી અને હજારો સ્વતંત્ર સેનાનીઓ જેમણે સ્વાતંત્ર્ય માટે પોતાનુ સર્વસ્વ ન્યોછાવર કર્યુ હતુ તેમનુ સ્વતંત્ર રાષ્ટ્રનું સ્વપ્ર ફળીભુત થતુ જોયુ. ત્યારથી ૨૬ જન્યુઆરીએ રાષ્ટ્રીય રજા ગણાય છે અને ગણતંત્ર દિવસ તરીકે ઉજવાય છે.આજે સમગ્ર દેશમાં ગણતંત્ર દિવસ ઉજવાય છે, ખાસ કરીને ભારતની રાજધાની દીલ્હીમાં આ ઉજવણી રાષ્ટ્રપતિના રાષ્ટ્ર માટેના ઉદ્?બોધનથી શરુ થાય છે. ભાષણની શરુઆત સ્વાતંત્ર સેના નીઓ એ આપેલા બલિદાન તેમ જ શ્રધ્ધાંજલીથી થાય છે કે જેઓએ દેશના સ્વાતંત્ર્ય માટે સમગ્ર જીવન ન્યોછાવર કરી દીધું હતું તથા રાષ્ટ્રની સંહિતા માટે લડ્યા હતા. ત્યાર બાદ રાષ્ટ્રપતિ મંચ પર આવી લશ્કરના જવાનો ના પરીવારજનોને જવાનોની યુધ્ધમાં દાખવેલ અજોડ બહાદુરી માટે ચન્દ્રકો એનાયત કરે છે. તથા ભારતના નાગરીકો કે જેમણે અસામાન્ય પરીસ્થિતિઓમાં બહાદુરીપુર્વકનું કાર્ય કર્યુ હોય એમને સન્માનિત કરી તેમને પુરસ્કારો એનાયત કરે છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી, ૭૬મા પ્રજાસતાક દિનની હાર્દિક શુભેચ્છા પાઠવું છું.અસ્તુ.



## ફિલ્મી ગપશપ

### સ્કાય ફોર્સની રિલીઝના દિવસે જ અક્ષય કુમારને મોટો આંચકો : અમુક દેશોમાં ફિલ્મ પર પ્રતિબંધ




નવી દિલ્હી ,તા.૨૫

અક્ષય કુમારની ફિલ્મ શુક્રવારે જ રિલીઝ થઈ હતી અને રિલીઝના દિવસે જ ફિલ્મને લઈને એક ખરાબ સમાચાર આવ્યાં હતાં. અક્ષયના ચાહકો આ સમાચાર સાંભળીને નિરાશ થઈ જશે.

અક્ષય કુમાર અને વીર પહરિયાની ફિલ્મ સ્કાય ફોર્સને ઘણો સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. દર્શકો અને વિવેચકો પણ આ ફિલ્મને પસંદ કરી રહ્યાં છે, પરંતુ આ દરમિયાન ચાહકો માટે એક ખરાબ સમાચાર આવ્યાં છે.

મિડલ ઈસ્ટમાં ફિલ્મને ઝટકો લાગ્યો છે. વાસ્તવમાં, આ ફિલ્મ પર મધ્ય પૂર્વમાં ઘણી જગ્યાએ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અક્ષયની સ્કાય ફોર્સ પર યુએઈ, સાઉદી અરેબિયા, કતાર, ઓમાન વગેરે દેશોમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

શા માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો ? :-

મધ્ય પૂર્વમાં ફિલ્મ પર શા માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તે અંગે કોઈ સત્તાવાર કારણ જાણી શકાયું નથી, પરંતુ સૂત્રોનું માનીએ તો, ફિલ્મમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેનાં તણાવને કારણે આવું પગલું ભરવામાં આવ્યું હતું. અગાઉ પણ મિડલ ઈસ્ટમાં આવી ફિલ્મો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે અને આ જ કારણ હોઈ શકે છે કે આ વખતે પણ સ્કાય ફોર્સ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

અહેવાલો અનુસાર, 'પાકિસ્તાન પર સ્કાય ફોર્સ દ્વારા કોઈ હુમલો થયો નથી, જેમ કે અન્ય કેટલીક ફિલ્મોમાં થાય છે. આ કારણોસર મધ્ય પૂર્વમાં આ ફિલ્મ પર પ્રતિબંધ આશ્ચર્યજનક છે.

ભૂતકાળમાં પણ મિડલ ઈસ્ટમાં બોલિવૂડની ઘણી ફિલ્મો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. દીપિકા પાદુકોણ અને રિતિક રોશનના ફાઈટર પર પણ કાર્યવાહી કરવામાં આવી છે. મધ્ય પૂર્વમાં પણ તેનાં પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

અક્ષયની આ ફિલ્મ શુક્રવારે બોક્સ ઓફિસ પર રિલીઝ થઈ છે. આ ફિલ્મ ૧૯૬૫માં ભારત-પાકિસ્તાન યુદ્ધ પર બની છે. સૈનિકના રિપોર્ટ અનુસાર, ફિલ્મને પહેલાં દિવસે સારી ઓપનિંગ મળી છે. અંદાજે ૫.૫ કરોડની કમાણી કરી છે. આ ફિલ્મમાં સારા અલી ખાન, નિમૃત કૌર અને શરદ કેલકર પણ છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર







# પ્રજાસત્તાક પર્વ

રાજ્ય મહોત્સવ । ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ । તાપી-વ્યારા





અમે,
**માનનીય વડાપ્રધાન**
**શ્રી નરેન્દ્રભાઈ મોદીના**
**'વિકસિત ભારત'**ના
સ્વપ્નને સાકાર કરી
દેશની લોકશાહીને વધુ ઉન્નત
બનાવવાનો સંકલ્પ કરીએ છીએ





માનનીય રાજ્યપાલ
**શ્રી આચાર્ય દેવવ્રતજી**ના
વરદ્હસ્તે

**ધ્વજવંદન સમારોહ**

**તારીખ:** ૨૬ જાન્યુઆરી ૨૦૨૫, રવિવાર, **સવારે** ૯:૦૦ વાગે

**સ્થળ:** બાજીપુરા, તા. વાલોડ, જિ. તાપી–વ્યારા

પ્રેરક ઉપસ્થિતિ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી

આવો, આપણે સૌ
**સ્વર્ણિમ ભારતના વારસા અને વિકાસનું**
ગૌરવ લઈએ,
બંધુતા અને સમાનતાની ભાવનાને વધુ મજબૂત બનાવીએ

**પ્રજાસત્તાક પર્વની સૌ ગુજરાતવાસીઓને શુભેચ્છાઓ...**

## આરોગ્ય મંત્રીના વરદ હસ્તે વિસનગરના ૧૨૧ પરિવારોને રહેણાંક પ્લોટ સનદનું વિતરણ કરાયું

# વિસનગર ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને વિચરતી વિમુક્ત જાતિના પરિવારોને રહેણાંક પ્લોટ સનદ વિતરણ કાર્યક્રમ યોજાયો





(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

વિસનગર એ.પી.એમ.સી હોલ ખાતે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વિચરતી વિમુક્ત જાતિના પરિવારોને રહેણાંક પ્લોટ સનદ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના વરદ હસ્તે વિસનગરના ૧૨૧ પરિવારોને રહેણાંક પ્લોટ સનદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ પરિવારોને માંગણી હતી કે બધાને એક જ જગ્યાએ પ્લોટ ફાળવવામાં આવે જે આજે પૂર્ણ થઈ છે.

આ તમામ પરિવારોને આભા કાર્ડ ,રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, આયુષ્યમાન કાર્ડ સાથે સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળશે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે આજે આ પરિવારોને પ્લોટ આપવામાં આવ્યા છે સાથે સાથે છત પણ આપવાની સરકાર ચિંતા કરી રહી છે અને આગામી સમયમાં સરકાર દ્વારા રોડ, રસ્તા, પાણી, ગટર જેવી સગવડો પણ આપવામાં આવશે.

વધુમાં મંત્રીશ્રીએ આજના સમયમાં શિક્ષણનું ખૂબ મહત્વ છે તેમ જણાવી આ પરિવારોના બાળકોને યોગ્ય શિક્ષણ અપાવવા બહેનોને અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારીશ્રી ડી. જી. રાઠોડ, નગરપાલિકા પ્રમુખ ઉત્તમભાઈ પટેલ, એપીએમસી ચેરમેનશ્રી, ચીફ ઓફિસર પાર્થ ત્રિવેદી તેમજ અધિકારીઓ અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

## મૈસુર, કર્ણાટકમાં NIC (નેશનલ ઇન્ટિગ્રેશન કેમ્પ) ૧૬ થી ૨૨ જાન્યુઆરી સુધી યોજાયો હતો

# વિસનગર સાંકળચંદ પટેલ યુનિવર્સિટિ ના વિધાર્થીઓનું NIC કેમ્પ -૨૦૨૫ માં અભિનંદનિય સિદ્ધિ : આવકાર

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

મૈસુર, કર્ણાટકમાં NIC (નેશનલ ઈન્ટિગ્રેશન કેમ્પ) ૨૦૨૫ તારીખ:૧૬ જાન્યુઆરી થી ૨૨ જાન્યુઆરી સુધી યોજાયો હતો, જેમાં પાંચ રાજયો ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.




ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના આયુર્વેદ, ડેન્ટલ, બીસીએ અને ડિપ્લોમા ફેકલ્ટીના વિદ્યાર્થીઓએ કર્યું હતું. તેમણે ગુજરાતની સંસ્કૃતિ પ્રદર્શિત કરી, જેમાં ગુજરાતની પરંપરાગત વેશભૂષા અને કલાત્મક રજૂઆતનો સમાવેશ હતો.

સમૂહ નૃત્યમાં ગુજરાતના વિદ્યાર્થીઓએ તૃતીય સ્થાન,સમૂહ ગાયન માં તૃતીય સ્થાન, જયારે એકલ નૃત્યમાં પ્રથમ સ્થાન મેળવીને ગૌરવ મેળવ્યું. ગુજરાતની સંસ્કૃતિને મિશ્રિત કરતો આ પ્રદર્શન દર્શકો અને જજીસના દિલ જીતી લાવ્યું.આ અભિનંદનિય સિદ્ધિ માટે તમામ વિદ્યાર્થીઓ અને સાંકળચંદ પટેલ યુનિવર્સિટિ ની દ્વજીજી ટીમ ને દરેક કોલેજના વડાશ્રીઓ , રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી , ડાઈરેક્ટર ઓફ ટેકિનકલ ડો. એચ .એન શાહ , પ્રોવોસ્ત ડો. પી.એમ. ઉદાની તથા પ્રીસિડેંટ શ્રીમાન પ્રકાશ પટેલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવે છે.

## પછી વહીવટ કહીને બોગસ ડોકટર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં પીછે હટ કેમ??

# જિલ્લા આરોગ્ય અધિકારી કુંભકર્ણ નિંદ્રામાં કેમ : લોકો ના સ્વાસ્થ્ય સાથે છેડા કરતાં મુન્નાભાઈ ડોક્ટરો

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૫

બનાસકાંઠા જિલ્લામાં બોગસ ડોકટર રાફડો ફાટયો પણ તંત્ર કેમ મૌન ધારણ કરીને બેઠું છે તેવા સવાલો ઉઠયાં સરહદી સૂઈગામ વાવ ભાભર તાલુકામાં બોગસ ડોકટર મોટા ભાગના નશીલી દવાઓ અને ગ્રભપાસ ગોળીનું વેચાણ કરી રયા છે છતાં સ્થાનિક તંત્ર મૌન ધારણ કરીને બેઠું છે સાથે જિલ્લા આરોગ્ય અધિકારી પણ કુંભકર્ણ નિંદ્રામાં હોય તેમ લાગી રયુ છે સાથે સાથે સવાલો પણ ઉઠવા પામે છે કે સુ જિલ્લા આરોગ્ય અધિકારી પાસે બોગસ ડોકટર પોતાના દવાખાના ચલાવવા માટે વહીવટ લઈને કોઈ કાર્યવાહી



(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

કરવામાં આવતી નથી તો બનાસકાંઠા જિલ્લાના લોકોની માગણી છે કે સૂઈગામ તાલુકામાં ધ્રચાણા, બોરૂ,દુદોસણ,વાધપુરા, દુધવા,સેડવ, ઉચોસણ,ગરાબડી સહીત ગામડાંઓ બોગસ ડોકટર રાફડો ફાટયો છે ત્યારે જિલ્લા એસ. ઓ જી પોલીસ હવે કાર્યવાહી કરે તેવી લોક માંગ કરી છે કારણ કે હવે જિલ્લા આરોગ્ય અધિકારી પાસે થી લોકોએ આશા છોડી દીધી હોય હવે એસ ઓ.જી પોલીસ પર સૌ લોકોની માગણી છે જેથી કરીને કાર્યવાહી કરે તેવી લાગણી સાથે માગણી કરી રયા છે.

## Nothing like voting, I vote for sure રાષ્ટ્રીય મતદાતા દિનની થીમ

# સાબરકાંઠા જિલ્લામાં ૧૫ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાઈ

### યુવા મતદારો પોતાની રાષ્ટ્ર પ્રત્યેની ફરજો અંગે જાગૃત બને : જિલ્લા કલેકટર




(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની વિદ્યાનગરી કોલેજ ખાતે કલેકટરશ્રી ડો. રતનકંવર ગઢવી ચારણ ની ઉપસ્થિતિમાં ૧૫ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાઈ હતી.

આ પ્રસંગે કલેકટર શ્રી એ નવા યુવા મતદારોને જણાવ્યું હતું કે, ચૂંટણી મતદાન કાર્ડ મળતા પોતે બાળક નહીં પરંતુ યુવા બન્યા છો તેનો પહેલો પુરાવો છે. આપણે પોતાના હકો પરત્વે જાગૃત છીએ પરંતુ ફરજ બાબતે જાગૃત બનવાનો આ દિવસ છે. છેવાડાના માનવી સુધી મતદાન જાગૃતિ નો સંદેશ પહોંચે અને તે સર્વ જાગૃત બની પોતાના નેતા નક્કી કરવાના આ અધિકાર નો ઉપયોગ કરે. યુવાઓ વિચારે કે તેમના માટે કેવી નીતિઓ ઘડાઈ રહી છે જેનાથી તેમના જીવનમાં શું પરિવર્તન આવી રહ્યું છે. આપણા નેતા આપણા હિતમાં આપણા દેશના હિતમાં જનહિતમાં કામ કરી રહ્યા છે કે કેમ? તેમજ આપણા હાથમાં જ કેવી સરકારની રચના કરવી એ અધિકાર સંવિધાને આપ્યો છે જેનો સદુપયોગ કરવો.

સોશિયલ મીડિયામાં માત્ર પોતાના રિલ્સ મુકવાને બદલે પોતાની રાષ્ટ્ર ફરજ પ્રત્યે જાગૃત બની અને પોતાની જવાબદારી નિભાવીએ, વીજળી બચાવો, પાણી બચાવો, પોતાની આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતાનુ વાતાવરણ રાખો. સારા નાગરિક તરીકેની જવાબદારી નિભાવવા માટે જરૂરી નથી કે સરહદ પર જવું. આમ નાગરિક તરીકે પણ આપણી રોજબરોજની પ્રવૃત્તિઓમાં પોતે નાગરિક હોવાની ફરજ નિભાવીએ. આજનો યુવા નશા તરફ આકર્ષાઈ રહ્યો છે તે છોડી પોતાનું સારું કરિયર બનાવીએ નશા મુકત સમાજનું નિર્માણ કરીએ.

આ પ્રસંગે મતદાન જાગૃતિ ગીત 'ભારત કે લિયે' ની પ્રસ્તુતિ કરાઈ હતી નવા યુવા મતદારો તેમજ શતાયુ મતદારો, ચૂંટણી બ્રાન્ડ એમ્બેસેડરનું સન્માન કરાયું હતું. જિલ્લામાં ચૂંટણી અંગે સારી કામગીરી માટે બી.એલ.ઓ તેમજ કર્મચારીઓને મહાનુભવોના હસ્તે સન્માનિત કરાયા હતા. તેમજ યુવા મતદારોએ મતદાન અંગેના શપથ લીધા હતા.

આ પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી, પ્રાંત શ્રી હિંમતનગર, ચૂંટણી મામલતદાર શ્રી, હિંમતનગર મામલતદાર, ટ્રસ્ટી શ્રી ડાહ્યાભાઈ, ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ,ટ્રસ્ટી ગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા.

## મૈત્રી કરાર કરી તેનો ત્રાસ યથાવત રાખતા મહિલાને ૧૮૧ની મદદ લીધી

# મહેસાણામાં નશાખોર પતિથી છૂટું લીધા બાદ પણ તેનો ત્રાસ રહેતાં બીજા સંસારમાં પણ ભંગાણ સર્જાયુ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

મહેસાણા જિલ્લાના એક શહેરમાં રહેતી મહિલાને તેના પૂર્વ પતિ અને હાલના પુરુષ મિત્ર બનેલા વ્યક્તિએ ભારે ત્રાસ આપી પરેશાન કરી મૂકી હતી. નશાખોર પતિથી છૂટું લઈ બીજા લગ્ન કરનાર મહિલાને તેના પૂર્વ પતિનો ત્રાસ થતાવત રહેતા તેના બીજા સંસારમાં પણ ભંગાણ સર્જાયું હતું. મહિલાને હેરાન પરેશાન કરનાર પૂર્વ પતિએ ફરી તેની સાથે મૈત્રી કરાર કરી તેનો ત્રાસ યથાવત રાખતા મહિલાએ ૧૮૧ની મદદ માંગી હતી.




મહેસાણા ૧૮૧ અભિયમની ટીમને મળેલ મહિલાના કોલ મુજબ તેને તેના પૂર્વ પ્રેમી એવા હાલના પુરુષ મિત્રનો ત્રાસ રહ્યો હતો. જેથી ૧૮૧ની ટીમ સ્થળ પર જતાં એક શિક્ષિત મહિલા અરજદારે એક સરકારી નોકરિયાત પુરુષ સાથે લગ્ન કર્યા હતા. જેમાં એક જ મહિનામાં તેના પતિના દારૂનો નશો કરી ત્રાસ આપવાને કારણે મહિલાએ પતિ થી છૂટું લીધું હતું. જે બાદ મહિલા પિયરમાં આવી રહેતા તેનો પૂર્વ પતિ તેના પિયરમાં આવી પરેશાન કરતો હતો. જેથી મહિલાના પિતાએ તેના અન્ય જગ્યાએ બીજા લગ્ન કરાવ્યા હતા. જે બાદ પણ તેનો પૂર્વ પતિ તેના બીજા સંસારમાં આગ લગાવતા તેને પરેશાન કરતો હતો.

મહિલાના બીજા પતિએ પણ તેના પૂર્વ પતિના ત્રાસથી છૂટું આપી દેતા મહિલાનું બીજું લગ્નજીવન પણ ભાગી પડયું હતું. ત્યાં મહિલા સાથે તેના પૂર્વ પતિએ મૈત્રી કરાર કરી પોતાની પાસે લઈ ગયો હતો. જ્યાં મૈત્રી કરારમાં વગર લગ્ને બન્નેએ એક પુત્રને જન્મ આપ્યો હતો, તો મૈત્રી કરારના ૧૩ વર્ષે ફરી મહિલાએ તેનો પતિનો ત્રાસ આપતો હોવાની રજુઆત કરી હતી. જ આધારે ૧૮૧ની ટીમે મહિલાના પતિને કાઉન્સેલિંગ કરી સમજાવવા પ્રયાસ કર્યો હતો. તેમ છતાં તેનો પતિ માનવા કે સમાધાન કરવા તૈયાર ન હોઈ અંતે મહિલાને સક્ષમ અને સમજદાર બનાવવા કાઉન્સેલર દ્વારા કાયદાકીય માર્ગદર્શન આપી મહિલા સહાયતા કેન્દ્રમાં અરજી અપાવવામાં આવી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણી વાળા વિસ્તારોમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પ્રતિબંધ

ગુજરાતના રાજ્ય ચૂંટણ આયોગ દ્વારા મહાનગરપાલિકા/ નગરપાલિકા તથા જિલ્લા/ તાલુકા પંચાયતોની સામાન્ય પેટા ચુંટણી - ૨૦૨૫માં સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા , પ્રાંતિજ અને તલોદ નગરપાલિકા સામાન્ય ચુંટણી તથા વિજયનગર (૩ બાલેટા અને ચિઠોડા), પોશીન (૨૦- વીંછીયા) અને પ્રાંતિજ (૬-ઘડી) તાલુકાની પેટા ચુંટણીનું મતદાન ૧૬/૨/૨૦૨૫ યોજાનાર છે.

આ સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીને ધ્યાને લઈ સાબરકાંઠાના જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ડો. રતનકંવર ગઢવીચારણ દ્વારા ભારતીય ન્યાય સહીતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ સાબરકાંઠા જિલ્લાના ચુંટણી વિસ્તારમાં તા. ૨૧/૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદારશ્રી અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય ચાર કે વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ પ્રતિબંધ પૂર્વ મંજૂરી લીધેલ હશે તેને લાગુ પડશે નહીં. આ પ્રતિબંધક હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સહીતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડ પાત્ર થશે.

# સંક્ષિપ્ત સમાચાર

## ભારતીય જનતા પાર્ટી અંતર્ગત ચિઠોડા, વિજયનગર ખાતે સંવિધાન ગૌરવ અભિયાન



(ગરવી તાકાત) વિજયનગર તા.૨૫

સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત ભારતીય જનતા પાર્ટી વિજયનગર દ્વારા ચિઠોડા અને વિજયનગર ખાતે મિટિંગ સા. કાં.જિલ્લા આદિ જાતિ મોરચાના પ્રમુખ આર જે પાંડોરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી જેમાં તાલુકા મંડલ પ્રમુખ ડૉ. પરેશ પટેલ, પૂર્વ. પ્રમુખ મયુર શાહ,ભાજપના મહામંત્રી કિરીટભાઈ સડાત, પૂર્વ. તાલુકા પ્રમુખ દિપકભાઈ નિનામા, માવજીભાઈ ડામોર પુર્વ મહામંત્રી, દંતોડ સરપંચ આર.ડી.પટેલ ગામના અગ્રણી અને શિક્ષક નિવૃત્ત જયંતીભાઈ પટેલ, પંકજભાઈ બોડાત,અનિલભાઈ અસારી, આચાર્ય જે.ડી. પટેલ યુવાન કાર્યકર્તા શૈલેષભાઈ બોડાત સહિત કાર્યકરો હાજર રહતા હતા.

## ચારથી વધુ સંખ્યામાં ચુંટણી અધિકારી/મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશવા પ્રતિબંધ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૫

ગુજરાતના રાજ્ય ચૂંટણ આયોગ દ્વારા મહાનગરપાલિકા/ નગરપાલિકા તથા જિલ્લા/ તાલુકા પંચાયતોની સામાન્ય પેટા ચુંટણી -૨૦૨૫માં સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા , પ્રાંતિજ અને તલોદ નગરપાલિકા સામાન્ય ચુંટણી તથા વિજયનગર (૩ બાલેટા અને ચિઠોડા), પોશીન (૨૦- વીંછીયા) અને પ્રાંતિજ (૬-ઘડી) તાલુકાની પેટા ચુંટણીનું મતદાન ૧૬/૨/૨૦૨૫ યોજાનાર છે.

ઉમેદવારીપત્રો રજુ કરવાની પ્રક્રિયા માટે ચુંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં ઉભી થતી અવ્યવસ્થા અને ઓવરક્રાઉડીંગની પરિસ્થિતિ નિવારવા ઉમેદવારી પત્રો રજુ કરવા માટે ચુંટણીઅધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચુંટણી અધિકારીની ચેમ્બરમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર તથા અન્ય ચાર મળી પાંચ વ્યકિતઓ જ પ્રવેશી શકશે. આમ કોઈપણ સુચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ચાર થી વધુ સંખ્યામાં ચુંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવા તેમજ ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના આસાપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું બહારપાડી તા. ૨૧/૦૨/૨૦૨૫ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે.

ઉપર મુજબના જાહેરનામાનો અમલ ઉમેદવાર જયારે તેઓનું ઉમેદવારી પત્ર લેવા આવે ત્યારેપણ કરવાનો રહેશે તથા ઉપયોગમાં લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉધારવાનો રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર - ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

## સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ચોપાનીયા-ભીંતપત્રોના છાપકામ અંગે ખાનગી મુદ્રણાલયોના મુદ્રકો-પ્રકાશકોને જરૂરી સુચના : ઉલ્લંઘન સામે કડક પગલાં ભરાશે

ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા મહાનગરપાલિકા/નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી ૨૦૨૫નો ચૂંટણી કાર્યક્રમ તા.૨૧/૦૧/૨૦૨૫ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ સાબરકાંઠામાં ખેડબ્રહ્મા, પ્રાંતિજ અને તલોદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વિજયનગર(૩-બાલેટા અને ૭-ચિઠોડા), પોશીના(૨૦-વીંછી) અને પ્રાંતિજ(૬-ઘડી) તાલુકા પંચાયતોની પેટા ચૂંટણીનું મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫ના રોજ યોજાનાર છે.તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા.૧૭/૨/૨૦૨૫ તથા મતગણતરી તા.૧૮/૦૨/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. ચુંણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડ બીલ વિગેરે પ્રકારનું સાહિત્ય ઉમેદવારો કે રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની ઓળખ માટે કે ચૂંટણી પ્રચારમાં ઉપયોગમા લેવા માટે વિવિધ સ્થળે છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા લોકોમાં વહેચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર્ય ખંડન જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સંબંધિત વ્યકિત સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલાં લઈ શકાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા,ભીંતપત્રો, હેન્ડ બીલ વિગેરેના મુદ્રણ અને પ્રકાશન અંગે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.આ જોગવાઈની ચુસ્ત અમલવારી કરવા સારૂ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ડૉ.રતનકંવર એચ. ગઢવીચારણને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધક હુકમો જાહેર કર્યા છે.જેમાં

(૧) કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં.

(૨) કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી સિવાય કે

(અ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યક્તિઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને

(બ) લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રકની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીને તથા સંબંધિત ચૂંટણી અધિકારીની કચેરીને મોકલી હોય.

આ જોગવાઈ પુરતું હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કઢાવવાની કોઈ પણ પ્રક્રિયા મુદ્રણ ગણારી અને મુદ્રકએ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

(૩) છાપેલા ચૂંટણી અંગેના કોઈ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંક્તિમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા, અને ફોન/મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

(૪) મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલી એકરાર પત્રક જોડાણ-ક અને જોઠાણ-અના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીએ તથા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાનું રહેશે.આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

Volume : 10 Issue : 295 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002